ગાંધીનગર સમાચાર

# વિરોધ પક્ષો પાસે કોઈ મુદ્દા નથી : નરેન્દ્ર મોદી



## ઝારખંડને સ્થિર અને બહુમતિવાળી સરકારની જરૂર છે : ઝારખંડમાં વડાપ્રધાન દ્વારા આક્રમક પ્રચાર : ઝારખંડની રચનાને ૧૪ વર્ષ થયા છે અને બાળકની જેમ સૌથી વધુ સંભાળની જરૂર હોવા મોદીનો દાવો

ધનબાદ,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં આજે આક્રમક ચૂંટણી પ્રચાર કરીને જણાવ્યું હતું કે, વિરોધ પક્ષો પાસે હવે કોઈ મુદ્દા રહ્યા નથી જેથી તેઓ બિનજરૂરી મુદ્દા ઉઠાવી રહ્યા છે. ગઈકાલે તેઓએ શ્રીનગરમાં રેલી કરીને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, લોકો એકે ૪૭ રાયફલથી અને આતંકવાદીઓથી ભયભીત નથી. મોટાપાયે લોકસભા પર્વમાં સામેલ થવા મોદીએ અપીલ કરી હતી. આજે પણ તેઓએ વિકાસના મુદ્દા પર ખાસ વાત કરી હતી. દેશની પ્રગતિ માટે વિકાસ માટે કામ કરવા સરકાર કટિબદ્ધ છે. મોદીએ કહ્યું હતું કે, ઝારખંડ, બિહાર, આસામ, ઉત્તરપૂર્વ અને ઓરિસ્સાને વધુ વિકસિત કરવાની જરૂર છે. વિકસિત કરવાની

ખાતરી કરવા મેઈડ ઈન ઈન્ડિયા સ્કીમ શરૂ કરવામાં આવી ચુકી છે. કુદરતી ભંડાર હોવા છતાં આ રાજ્યો ગરીબ રહ્યા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા, ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને પંજાબ સહિતના દેશના પશ્ચિમી હિસ્સાઓમાં પ્રગતિ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. દરેક લોકો વિકાસમાં ભાગ લે તે જરૂરી છે. આજ કારણસર મેઈડ ઈન ઈન્ડિયાની શરૂઆત કરવામાં આવી છે. યુવાનોને આજીવિકાની તક મળે તે અતિ જરૂરી છે. લોકોને રોજગારી મેળવવા હજારો કિલોમીટર દૂર જવું પડે છે. બેંક ખાતામાં ૭૦૦૦ કરોડ રૂપિયા નવી સ્કીમ હેઠળ જમા થઈ ચુક્યા છે. જનધન યોજનાને ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે. જો, ગરીબ વ્યક્તિને હવે રૂપિયાની જરૂર હશે તો તે હવે તેમના રેટ ઉપર નાણાં ધિરાણ કરનાર પાસેથઈ ઉછીના પૈસા લઈ શકશે. બેંકોમાં રહેલા નાણા ગરીબ લોકોના રહે તે જરૂરી છે. કેન્દ્ર સરકાર ગરીબલક્ષી સરકાર છે. હોસ્પિટલ અને સ્કૂલો જેવી સુવિધાનો લાભ ઉઠાવવો જોઈએ. ગરીબી નાબૂદીના વચન છેલ્લા ઘણા સમયથી અપાયા છે પરંતુ કંઇ પણ થઈ શક્યું નથી.

# ઝારખંડમાં ૬૧, જમ્મુ કાશ્મીરમાં ૫૮ ટકાથી વધુ મતદાન

## બંને રાજ્યોમાં ઉંચા મતદાન બાદ રાજકીય પક્ષોની ગણતરી : જમ્મુ કાશ્મીરમાં ઓમર અબ્દુલ્લા સહિત ૧૪૪ અને ઝારખંડમાં મારન્ડી સહિત ૨૮૯ ઉમેદવારોના ભાવિ સીલ : તીવ્ર ઠંડી વચ્ચે પણ મતદારો પહોંચ્યા

નવી દિલ્હી,તા. ૯

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં આજે હિંસાની છુટી છવાઈ ઘટના વચ્ચે એકંદરે ઉંચુ મતદાન થયું હતું. ઝારખંડમાં રેકોર્ડ ૬૧ ટકા અને જમ્મુ કાશ્મીરમાં ૫૮ ટકાથી વધુ મતદાન થયું હતું. ઉંચા મતદાનના કારણે રાજકીય પક્ષોમાં ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. અગાઉ આજે શાંતિપૂર્ણરીતે મતદાનની શરૂઆત થઈ હતી. તમામ જગ્યાએ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જમ્મુ કાશ્મીરમાં તીવ્ર ઠંડી હોવા છતાં લોકો પહોંચ્યા હતા. અગાઉના બે રાઉન્ડની જેમ જ આજે પણ ઉંચુ મતદાન થયું હતું. જમ્મુ કાશ્મીરમાં ૧૬ અને ઝારખંડમાં ૧૭ બેઠકો માટે મતદાન થતા ભારે ઉત્સુકતા દેખાઈ હતી. મોદીની લહેર વચ્ચે ભાજપ બન્ને રાજ્યોમાં શાનદાર જીત મેળવી લેવા માટે આશાવાદી છે. મોદી લહેર વચ્ચે હાલમા ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી. જમ્મુ કાશ્મીરમાં ત્રીજા તબક્કામાં આજે ૧૪૪ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. જ્યારે ઝારખંડમાં ૨૮૯ ઉમેદવારો ભાવિ સીલ થઈ ગયા હતા. જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં ત્રીજા તબક્કા માટે રવિવારે ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો.મતદાન પહેલા



આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી. ભાજપના સ્ટાર પ્રચારકોમાં રાજનાથસિંહ પણ રહ્યા હતા. કોગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતાઓ પણ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં જે ઉમેદવારોના ભાવિ આજે સીલ થઈ ગયા હતા તેમાં મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા, તેમની કેબિનેટના ત્રણ સાથીઓ અને અન્ય ૧૦ વર્તમાન ધારાસભ્યો પણ સામેલ છે.આજે જે ૧૬ બેઠકો પર ચૂંટણી યોજાઈ રહી છે તે પૈકી પીડીપી નવ બેઠકો ધરાવે છે. જમ્મુ કાશ્મીરમાં ૧૩.૬૯ લાખ મતદારો પૈકી ૫૮ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આજે સવારે જ્યાં મતદાન શરૂ થયું હતું તેમાં ઉરી સહિત બારામુલ્લા જિલ્લામાં સાત બેઠકો, બડગામમાં પાંચ બેઠકો, પુલવામાં ચાર બેઠકો સામેલ છે. ઓમર અબ્દુલ્લા બડગામ જિલ્લામાં બીરવાહ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ઓમર અબ્દુલ્લા આ વખતે પરિવારના ગઢ ગંદરબાલની જગ્યાએ બીરવાહમાંથી ચૂંટણી લડી રહ્યા છે. આજે સવારે કુલ ૧૭૮૧ મતદાન મથકો પર મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી. હાલમાં અનેક ત્રાસવાદી હુમલા બાદ વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે.

# ઈન્ટ્રા સર્કલ થ્રીજીમાં એરટેલ, આઈડીયા, વોડાફોનને નોટિસ

## એરટેલ,આઈડિયા, વોડાફોન સામે મુશ્કેલી : ટીડીસેટના ચુકાદાને પડકાર ફેંકી દાખલ કરવામાં આવેલી કેન્દ્રની અરજી ઉપર સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ સહમત

નવી દિલ્હી,તા. ૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ઈન્ટ્રાસર્કલ થ્રીજી રોમિંગના મુદ્દે એરટેલ, આઈડિયા અને વોડાફોનને આજે નોટીસ ફટકારી હતી. ટીડીસેટના ચુકાદાને પડકાર ફેંકીને કેન્દ્ર દ્વારા દાખલ કરાયેલ અરજી પર સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ સહમત થઈ છે. થ્રીજી ઈન્ટ્રાસર્કલ રોમિંગને મંજુરી આપનાર ટીડીસેટના ચુકાદાને કેન્દ્ર સરકારે પડકાર ફેંકીને અરજી કરી હતી. જેના લીધે મોબાઈલ કંપનીઓને નોટીસ ફટકારાઈ છે. આ કંપનીઓને થ્રીજી સર્વિસની ઓફર કરવા મંજુરી આપવામાં આવી હતી. પોતાના થ્રીજી સ્પેક્ટ્રમ ન ધરાવનાર વિસ્તારમાં પણ થ્રીજી સર્વિસની મંજુરી આપવામાં આવી હતી. જસ્ટીસ ચેલમમેશ્વરના નેતૃત્વમાં બેંચે ટ્રીબ્યુનલના ચુકાદાને પડકાર ફેંકી ટેલિકોમવિભાગ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર જવાબ માંગ્યો હતો. ટેલિકોમ ડિસ્પ્યુટ સેટલમેન્ટ એન્ડ એપ્લેક્ટ ટ્રીબ્યુનલે થ્રીજી મોબાઈલ સર્વિસ ઓફર કરવા પર પ્રતિબંધ મુકવાના સરકારના આદેશને ફગાવી દીધો હતો. આ ચુકાદાથી એરટેલ, વોડોફોન અને આઈડિયા સેલ્યુલરને રાહત થઈ હતી.એવા પ્રદેશમાં થ્રીજી સર્વિસની ઓફર કરવા એકબીજા સાથે સમજુતી કરવા બદલ ૧૨૦૦ કરોડ રૂપિયાના દંડનો સામનો એરટેલ, વોડાફોન, આઈડિયા સેલ્યુલર દ્વારા કરાઈ રહ્યો હતો. જ્યાં ૨૦૧૦ની હરાજીમાં તેમને સ્પેક્ટ્રમ મળ્યા નહતા. એરટેલને ૧૨૨૯૫.૪૬ કરોડની કિંમતમાં ૨૨ ટેલિકોમ સર્વિસ વિસ્તાર પૈકી ૧૩માં થ્રીજી સ્પેક્ટ્રમ મળ્યા હતા. જ્યારે વોડાફોનને ૧૧૬૧૭.૮૬ કરોડમાં નવ સર્કલમાં થ્રીજી સ્પેક્ટ્રમ મળ્યા હતા. આવી જ રીતે આઈડીયા સેલ્યુલરને ૧૧ સર્કલમાં ૫૭૬૮.૫૯ કરોડમાં સ્પેક્ટ્રમ મળ્યા હતા.

# મોદી વારાણસીને ૨૫મીએ ટ્રોમા સેન્ટરની ભેંટ આપશે

## ભારતના વડાપ્રધાન બન્યા બાદ મોદી બીજી વખત પોતાના મતવિસ્તાર વારાણસીમાં પહોંચશે : બધી તૈયારીઓ શરૂ

વારાણસી,તા. ૯

દેશના વડાપ્રધાન બન્યા બાદ પોતાના મતવિસ્તાર વારાણસીમાં બીજી વખત પહોંચી રહેલા નરેન્દ્ર મોદી ક્રિસમસના દિવસે વારાણસીને ટ્રોમા સેન્ટરની ભેંટ આપનાર છે. બીએચયુ વહીવટીતંત્ર હાલમાં ટ્રોમા સેન્ટર ખાતે રહેલી બાકી કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે ઈચ્છુક છે.દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના ૨૫મી ડિસેમ્બરના દિવસે જન્મદિવસના પ્રસંગ પર ટ્રોમાં સેન્ટર વારાણસીને ભેંટમાં આપવામાં આવનાર છે. બીએચયુના નવા કુલપતિ પ્રોફેસર ગિરીશ ચન્દ્ર ત્રિપાઠીએ પોતે કહ્યું હતું કે આશરે ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ટ્રોમાં સેન્ટરમાં સામાન્ય લોકોને તમામ સુવિધા મળશે. વડાપ્રધાનની આરોગ્ય સુરક્ષા યોજના હેઠળ ટ્રોમા સેન્ટરની શરૂઆત કરવામાં આવી રહી છે. ગયા વર્ષે જુલાઈમાં વડાપ્રધાન મનમોહનસિંહ આનુ ઉદ્‌ઘાટન કરવા ઈચ્છુક હતા. પરંતુ તેનુ કામ પૂર્ણ થઈ શક્યું ન હતુ. આ વર્ષે ૨૩મી ઓગષ્ટના દિવસે કેન્દ્રિય લોક નિર્માણ વિભાગ દ્વારા ૧૪૭ કરોડના ખર્ચે તૈયાર ટ્રોમા સેન્ટરને બીએચયુ વહીવટીતંત્રને સોંપી દેવામાં આવતા અટકળોનો અંત આવ્યો હતો. વડાપ્રધાન મોદીના હાથે આનુ ઉદ્‌ઘાટન કરવા માટે ૧૪મી ઓકટોબરના દિવસે સમય પણ લઈ લેવામાં આવ્યો હતો. પરંતુ હુડ હુડ વાવાઝોડાના કારણે તેના કાર્યક્રમને થોડાક સમય માટે માકુફ કરવામાં આવ્યો હતો. આની પાછળ કેટલાક અન્ય કારણો પણ હતા. ટ્રોમા સેન્ટર માટે સ્ટાફનો પણ અભાવ હતો. નવા કુલપતિ આવ્યા બાદ ટ્રોમા સેન્ટરના ઉગ્ઘાટન માટેની કામગીરી ઝડપી બની હતી.હવે ઉદ્‌ઘાટનની રાહ જોવામાં આવે છે.

# સ્પાઈસ જેટે સ્થાનિક ક્ષેત્રમાં ૧૮૦૦ ફલાઈટોને રદ કરી

ચેન્નાઈ,તા. ૯

રોકડ કટોકટીનો સામનો કરી રહેલા બજેટ કેરિયર સ્પાઈસ જેટ સામે હવે ગંભીર રોકડ અને નાણાંકીય કટોકટી સર્જાઈ ગઈ છે. જેથી તેની સામે અસ્તિત્વને લઈને ગંભીર ખતરો ઉભો થયો છે. સ્પાઈસ જેટને વર્તમાન મહિનામાં કુલ ૧૮૦૦ ફલાઈટ રદ કરવાની ફરજ પડી છે. કલાનિધી મારનના નેતૃત્વમાં સન ગ્રુપના ભાગ રહેલા સ્પાઈસ જેટ સામે ખતરો છે. સાથે સાથે તેની કફોડી હાલતને જોઈને પાઈલોટ પણ અન્યત્ર જઈ રહ્યા છે. એર કેરિયરે ૧૮૬૧ ફલાઈટો રદ કરી છે. જેમાં કેટલીક નેપાળમાં કાઠમાન્ડુની ફલાઈટ પણ સામેલ છે. જો કે મોટા ભાગની ફલાઈટ સ્થાનિક ક્ષેત્રની રદ કરવામાં આવી છે. તેની વેબસાઈટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. એડવાન્સ બુકિંગ સાથે સંબંધિત ધારાધોરણો નહી પાળવા બદલ એવિએશન રેગ્યુલેટર ડીજીસીઈ દ્વારા તેને કારણદર્શક નોટીસ આપવા માટે વિચારણા કરવામાં આવી રહી ચે ત્યારે ફલાઈટોને રદ કરવામાં આવી રહી છે. જેથી તેને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ઓપરેટરોને તેનુ દેવુ ૨૦૦ કરોડની આસપાસનુ છે. એરલાઈન્સના લાયસન્સ પર હાલમાં લેવામાં આવી રહેલા પગલાની કોઈ અસર થશે નહી




એરલાઈનનો એક મહિના એડવાન્સના બુકિંગમાં ન પડવાનો સાફ આદેશ આપ્યો છે. એરપોર્ટ ઓપરેટરને તેના દેવા સામે બેંક ગેરંટી નહી આપે તો સ્પાઈસ જેટને કેશ એન્ડ કેરી પર મુકી દેવામાં આવશે. એરપોર્ટ પરંતુ તેની હાલત કફોડી બનેલી છે. સ્પાઈસ જેટના શેર ગઈકાલે ૧૩ ટકા સુધી ઘટી ગયા હતા. કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન પ્રધાન અશોક ગજપતિ કહી ચુક્યા છે કે સ્પાઈસની નાણાંકીય સ્થિતી સારી નથી.

# મિની એલપીજી સિલિન્ડરનું વેચાણ ઝડપથી વધી રહ્યું છે

## સબ્સિડી રેટના સિલિન્ડરની કિંમત ૧૫૦ રૂપિયા : ચોક્કસ રાજ્યોમાં દૂરગામી વિસ્તારો, ગ્રામીણ વિસ્તારો અને નાના શહેરોમાં પાંચ કિલોના સિલિન્ડરનું વધુ વેચાણ

નવી દિલ્હી,તા. ૯

દેશભરમાં હવે મિની એલપીજી સિલિન્ડરોના વેચાણની શરૂઆત થઈ છે. જુદા જુદા રાજ્યોમાં કસ્ટમરોનું નેટવર્ક પણ વધી રહ્યું છે. આંકડાથી સ્પષ્ટ થઈ જાય છે કે, પાંચ કિલોના સિલિન્ડરો દૂરગામી વિસ્તારો, ગામડાઓ અને નાના શહેરોમાં વધુ લોકપ્રિય થઈ રહ્યા છે. દિલ્હી, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, જમ્મુ કાશ્મીર સહિતના ઘણા રાજ્યોમાં ૫ કિલોના સિલિન્ડર ખરીદનાર ગ્રાહકો વધી રહ્યા છે. આઈઓસી, બીપીસીએલ, એચપીસીએલ સહિતની ઓઈલ કંપનીઓ દ્વારા વેચાણ કરવામાં આવી રહ્યું છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલમાં દેશભરમાં ૫ કિલોના મીની કુકિંગ ગેસ સિલિન્ડર સબ્સિડીના રેટ ઉપર ૧૫૦ રૂપિયામાં વેચે છે. સરકારની પોલીસી મુજબ, એક વર્ષમાં એક પરિવાર સબ્સિડીના વેટ ઉપર ૧૨ એલપીજી સિલિન્ડર મેળવી શકે છે. આ સિલિન્ડરો પસંદગીના પેટ્રોલ પંપ ઉપર ૩૫૦ રૂપિયાની માર્કેટ કિંમતે પણ વેચાઈ રહ્યા છે. જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓનું કહેવું છે કે, તેઓ સબ્સિડીના રેટ ઉપર પાંચ કિલોના સિલિન્ડર વેચી રહી છે.

એક વર્ષમાં એક ગ્રાહકને સબ્સિડીના રેટ પર ૩૪ સિલિન્ડર સુધી આપી શકાય છે. જ્યારે વપરાશ એક વર્ષમાં ૩૪ સિલીન્ડરની આસપાસ છે. નોન સબસિડાઈઝ્ડ રેટ મામલે આ સ્થિતિ છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહયું હતું કે, સરકાર અસરકારક અને ગરીબલક્ષી સબ્સિડી વ્યવસ્થા પર કામ કરી રહી છે. જેમાં ગ્રાહકને તેના વર્તમાન અધિકાર ગુમાવ્યા વગર પ્રતિ કિલોના આધાર ઉપર કુકિંગ ગેસ સબ્સિડી મળશે.

### ગુલમહોર (પાના નં. ૪નું ચાલું)

આજની ફાસ્ટ લાઈફનો સ્વીકાર કરવો જ પડે. મોંઘવારીમાં આવક-જાવકનાં બે પાસાં સરખા રાખવા માટે અને-અથવા બચતના હેતુસર પણ માણસ પહોંચી શકાય તે કરતા વધુ કાર્ય અને વધુ પરિશ્રમ કરે જ છે. આવી ફાસ્ટ લાઈફમાં આમ પણ આપણને સૌને એકબીજા માટે સમય મળતો જ નથી. શહેરી સંસ્કૃતિમાં પણ એકવીસમી સદીની અસર જોવા મળે જ છે.

લોકોને સ્વજનો કે પરિવારજનો સાથે પણ કામ વગર વાત કરવાનો જરાય સમય જ હોતો નથી, ત્યારે પોતાના પોતાની આસપાસમાં રહેતા પડોશીઓના નામો પણ ખબર ના હોય અને બાજુમાં કોણ રહે છે, એની પણ ખબર ના હોય એ સમજી શકાય એવી વાત છે.

દિવસભર માણસ નોકરી કે કામધંધો કરે અને થાકીને સાંજ વેળાએ ઘરે આવે ત્યારે મોબાઈલ, લેપટોપ, ગેઝેટ્સનો સહારો લે છે અથવા ટી.વી. જોવાનું કે ફેસબૂક-વોટ્સ-એપ્પ પર સમય પસાર કરવાનું વધુ પસંદ કરે છે. આમ થવાથી જે લોકો આપણાથી સેંકડો કે હજારો કિલોમીટર દૂર છે તેમની સાથે મીઠી મીઠી વાતો કે ચેટિંગ કરવાનું પસંદ કરીએ છીએ પરંતુ આપણી નજર સામે રહેલી વ્યક્તિઓ અને સ્વજનો સાથે બે મીઠી વાતો કરવાનો આપણી પાસે સમય જ હોતો નથી.

આપણને ખબર હોય કે ન હોય, પરંતુ બાળકો-સંતાનો આ બધું જ જોતા હોય છે. બાળકો ઉપર આપણા વ્યવહાર અને વર્તનની ઘેરી અને ડી અસર થતી જ હોય છે, જેના વિશે આપણને ખબર હોતી નથી. એમ કહેવાય છે કે આપણે એવો વ્યવહાર કદી ન કરીએ જેવો વ્યવહાર આપણી સાથે થાય એવું આપણે ઈચ્છતા હોતા નથી. પરંતુ હકીકત એ છે કે આપણે એવો જ વ્યવહાર કરીએ છીએ કે જેવો વ્યવહાર આપણી સાથે જો થાય તો આપણને પસંદ હોતો નથી.

**સ્ટોપરઃ-**

સંબંધ બાંધવો સહેલો છે, પરંતુ સંબંધ જાળવવો અને ટકાવવો જ અઘરો છે.

# ઝારખંડમાં જેલબ્રેક

## પાંચ કેદી ઠાર અને ૧૫ પલાયન : છાઈબાસા ડિવિઝનલ જેલમાં બનેલા બનાવથી ચકચાર

રાંચી,તા. ૯

ઝારખંડમાં જેલબ્રેકના બનાવથી ભારે ખળભળાટ મચી ગયો છે. આજે પશ્ચિમ સિંગભૂંગ જિલ્લામાં પોલીસ ગોળીબારમાં પાંચ કેદીઓ ઠાર થયા હતા. આ પાંચ કેદીઓ એ વખતે ઠાર થયા હતા જ્યારે ૨૦થી વધુ કેદીઓએ છાઈબાસા ડિવિઝનલ જેલમાંથી ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. રાંચીથી આશરે ૧૫૦ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. આશરે ૧૫થી વધુ કેદીઓ જેલમાંથી નાસી છુટવામાં સફળ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે જેના પરિણામ સ્વરુપે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ફરાર થયેલા કેદીઓમાં કુખ્યાત માઓવાદી શખ્સો હોવાનું પણ જાણવા મળ્યું છે. જિલ્લામાં તમામ પ્રવેશ દ્વારા અને બહાર નિકળવાના રસ્તાને સીલ કરી દેવામાં આવ્યા છે અને તેમને શોધી કાઢવાની કામગીરી હાથ ધરાઈ છે. આ બનાવથી સમગ્ર ઝારખંડમાં પોલીસ તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. ઝારખંડમાં તમામ જેલોમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. કેદીઓની પ્રોફાઈલ ચકાસણી બાદ જ જાણી શકાશે પરંતુ આમા માઓવાદીઓ અને કુખ્યાત કેદીઓ સામેલ હોવાનું જાણવા મળ્યું છે. આજે સવારમાં કુલ ૫૧ કેદીઓને પોલીસ વાનમાં કોર્ટમાં લઈ જવાયા હતા પરંતુ જેલ કેમ્પસમાં સઘન સુરક્ષા વચ્ચે પરત લાવવામાં આવ્યા હતા. વેન જેલ કેમ્પસમાં સુરક્ષિત રીતે પ્રવેશી ગઈ હતી. કેદીઓને જેલની અંદર ગોઠવી દેવામાં આવ્યા હતા. જાણવા મળેલી માહિતી મુજબ એજવેળા કેટલાક કેદીઓએ પોલીસ જવાનોની આંખમાં મરચાની ભૂકી નાંખી દીધી હતી અને ત્યારબાદ ફરાર થઈ ગયા હતા. જવાનોએ અંધાધૂંધીમાં જેલના પ્રવેશ દ્વાર તરફ ગોળીબાર કર્યો હતો અને વાહનોમાં આવી જવા કહ્યું હતું. કેટલાક પાછા આવી ગયા હતા પરંતુ કેટલાક કેદીઓ પોલીસને ધક્કો મારીને ફરાર થઈ ગયા હતા. આના લીધે પોલીસ જવાનોમાં પણ પ્રશ્નો ઉભા થયા છે. પોલીસે માઓવાદીઓની સંડોવણી હોવાનો ઈન્કાર કર્યો છે.




# સમાચાર ઝલક

- એ.ટી.એમ. ઉપાડમાં નિયંત્રણો આવતાં ૯% સુધીનો ઘટાડો નવેમ્બર માસમાં નોંધાયો.
- ગુનેગાર અબુ સાલેમે લખેલી આત્મકથાનું પુસ્તક બજારમાંથી પાછું ખેંચવા કોર્ટનો હુકમ.
- એક જ દિવસમાં સાબરમતી નદીમાં ચાર લાશો મળી આવી.
- ચેન્નાઇમાં માણસોથી બનેલા સૌથી મોટા રાષ્ટ્રધ્વજનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો.
- સૂરતમાં મુસાફરો માટે એલઇડી સાથેની અનોખી રીક્ષા પ્રવાસીઓને મુસાફરી કરાવે છે.
- પશ્ચિમ નેપાળમાં બસ ખાઇમાં પડતા ૧૮ લોકોનાં મોત.
- ઇન્ફોસિસના શેર વેચાતાં શેરબજારમાં ભારે હલચલ.
- દમણમાં તા. ૩૧મી ડિસેમ્બરે ઓરકેસ્ટ્રા પર પ્રતિબંધ, ગુનાખોરી ડામવા તંત્ર સક્રિય.
- 'યાહૂ' સાઇટમાં સૌથી વધારે સર્ચ થનાર વ્યક્તિમાં વડપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ ક્રમે.
- ઠંડીના વિલંબથી શિયાળું પાક વેચાણમાં મંદી, સુકા મેવાની માંગમાં ઘટાડો.
- અમદાવાદમાં મોબાઇલ એસોસીએશન દ્વારા ઓનલાઇન ખરીદીના વિરોધમાં બંધ પાળી રેલી કાઢવામાં આવી
- કેનેડામાં બર્ડ ફ્લુ ફેલાતાં પોલ્ટ્રીફાર્મ પર પ્રતિબંધ.
- નવા એપની શોધ... ૮૫ દેશોમાં મોબાઇલ-લેન્ડલાઇન પર મફત કોલ કરી શકાશે.
- તમાકુના કારણે બિમારીથી એક જ વર્ષમાં ભારત પર રૂા. ૧ લાખ કરોડનો બોજો પડ્યો.